# સરકારી વિનયન કોલજ, માંડલ

તા-૧૭/૦૯/૨૦૨૪

સરકારી વિનયન કૉલેજ, માંડલમાં આચાર્યશ્રી ડૉ. માલા શર્મા મેડમના માર્ગદર્શન હેઠળ કોલેજમા ચાલતા SSIP 2.0 પ્રોજેક્ટ અંતરગર્ત પ્રાકૃતિક ખેતી અને નવા સ્ટાટપ માટે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિષય નિષ્ણાંત તરીકે શ્રી રમેશભાઈ સુથાર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્રાકૃતિક ખેતી વિશે વિગતવાર ચર્ચા કરી. જેમાં ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કેવી રીતે કરી શકાય. પ્રાકૃતિક ખેતી કરવાથી શું ફાયદા થાય છે. જમીનની ફળદ્રુપતા કેવી રીતે વધે છે. રસાયણોથી યુક્ત ખેતીથી જમીનની ફળદ્રુપતા ઉપર થતી માઠી અસરો વિશે તેમણે સવિસ્તાર વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા. સાથે સાથે જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃત બનાવવા અંગેની વિવિધ પ્રદ્ધતિઓ સમજાવી હતી. માંડલ વિસ્તારના વિદ્યાર્થીઓ ખેતી સાથે સીધી રીતે સંકળાયેલા હોવાથી તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ વર્કશોપમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના તમામ અધ્યાપક મિત્રોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન SSIP 2.0 ના કોઓડિનેટર પ્રો.નિતીનકુમાર પટેલે કર્યું.




